ક્રમાંક ઉકશ-૧૨૨૧-૯૯૧-ગ.૧
શિક્ષણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ :૦૪/૦૭/૨૦૨૨

પ્રતિ,
કમિશનરશ્રી,
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય : એ.ટી.ડી. અને ફાઇન આર્ટ્સ કોલેજોના વર્ગ-૩ અને વર્ગ-૪ના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના આશ્રિત કુટુંબોને ઉચ્ચક નાણાકીય સહાય આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના અત્રેની કચેરીના સરખા ક્રમાંકના તા:૧૩/૦૭/૨૦૨૧ના પત્રથી રાજ્યમાં આવેલી બિન સરકારી ગ્રાન્ટેડ કલા મહાવિદ્યાલયોના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને ચાલુ નોકરી દરમ્યાન મૃત્યુના કિસ્સામાં ઉચ્ચક નાણાકીય સહાય બાબતે વિભાગ દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ છે. આથી આ અંગે કોઇ પુનઃ વિચારણા કરવાની રહેતી નથી.

બિન સરકારી ગ્રાન્ટેડ કલા મહાવિદ્યાલયોના કર્મચારીઓ/અધિકારીઓના ચાલુ નોકરીમાં કોરોનાને કારણે થયેલ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને રૂ.૨૫ લાખની સહાય ચૂકવવા બાબતે જણાવવાનું કે,

સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૦૪/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૨૫૦-કથી રાજ્યમાં નીવેલ કોરોના વાયરસ (Covid-19) ના સંક્રમણને કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમિયાન સંક્રમિત થયેલ કર્મચારી/અધિકારીના દુઃખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને રૂ.૨૫,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા પચીસ લાખ પુરા) ની સહાય આપવા બાબતે જોગવાઇ કરવામાં આવેલ છે

તાજેતરમાં રાજ્યમાં ફેલાયેલ નોવેલ કોરોના વાયરસ(Covid 19)ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી હાલની લોકડાઉનની સ્થિતિમાં રાજ્યની આવશ્યક / તાત્કાલિક સેવાઓ સાથે સંકળાયેલ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં કાર્યરત સફાઈ કર્મીઓ અને આરોગ્ય સેવા કર્મીઓ, મહેસુલ વિભાગના કર્મચારીઓ / અધિકારીઓ અને અનાજ સહિતની જીવનજરૂરી ચીજ વસ્તુઓના પુરવઠા અને વિતરણની કામગીરી બજાવતા અન્ન, નાગરિક પુરવઠા વિભાગના કર્મીઓ જનહિતમાં ફરજો બજાવી રહેલ છે. અને ફરજના ભાગરૂપે કોરોના અસરગ્રસ્ત થવાથી COVID-19 ના કારણે અવસાન પામે તો તેવા

કર્મચારીના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને રૂ.૨૫,૦૦,૦૦૦/- ની સહાય આપવાનું રાજય સરકારે ઠરાવેલ છે, જેમાં અનુદાનિત સંસ્થા હેઠળના કર્મચારીનો સમાવેશ થયેલ નથી

બિન સરકારી ગ્રાન્ટેડ કલા મહાવિદ્યાલયોના કર્મચારી/અધિકારીઓ કે જેઓ આવશ્યક સેવાઓના ભાગરૂપે કોરોના વાયરસ(Covid 19) ની કામગીરી સાથે સંકળાયેલ હોય અને ફરજના ભાગરૂપે કોરોના અસરગ્રસ્ત થવાથી Covid-19 ના કારણે અવસાન પામે તેવા અનિચ્છનીય કિસ્સાઓ જો બનવા પામે તો તેવા સંજોગોમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૦૪/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૨૫૦-કથી થયેલ જોગવાઇઓ અન્વયે **ખાસ કિસ્સામાં** દરખાસ્ત સરકારશ્રીની વિચારણા અર્થે રજૂ કરવાની રહે જે ધ્યાને લેવા વિનંતી છે.

ઉક્ત નિર્ણય વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સામાન્ય વહીવટ વિભાગની તા:૧૪/૦૬/૨૦૨૨ની નોધથી મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

D.K. Gamet

(ડી.કે.ગામેતી)

સેકશન અધિકારી.

શિક્ષણ વિભાગ.

<u>નકલ રવાના</u> :

1) અંગત સચિવશ્રી,માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય.
2) અંગત સચિવશ્રી,માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧,બીજો માળ, સચિવાલય.
3) અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ), સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
4) તમામ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી શાળાઓની કચેરી મારફતે)
5) શ્રી હરિભાઇ એન. પટેલ, અધ્યક્ષશ્રી, કારોબારી સમિતિ,જિલ્લા પંચાયત,મહેસાણા.
6) શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૨
7) નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ

ક્રમાંક:૮૬/વિશિષ્ટ/કલા સંસ્થા/ઉ.ના.સહાય/૨૦૨૨/૨૨૫૬–૨૨૯૯

કમિશનરશ્રી શાળાઓની કચેરી,

બ્લોક નં. ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુ.રા.,ગાંધીનગર,

તારીખ: ૨૪/૦૭/૨૦૨૨

ચાલુ નોકરી દરમિયાન અવસાન પામતા રાજ્યની બિન-સરકારી ગ્રાન્ટેડ એ.ટી.ડી. અને ફાઇન આર્ટસ કોલેજોના વર્ગ-૦૩ અને વર્ગ-૦૪ના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય આપવા બાબતેનો શિક્ષણ વિભાગનો તા.૦૪/૦૭/૨૦૨૨નો ક્રમાંક: ઉકશ-૧૨૨૧-૯૯૧-ગ.૧ થી લેવાયેલ નિર્ણય અંગેના પત્રની નકલ ઘટતી કાર્યવાહી તથા જાણ સારૂ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
(૧૦+૨)
ગુ.રા.,ગાંધીનગર

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- આચાર્યશ્રી, રાજયની બિન-સરકારી ગ્રાન્ટેડ એ.ટી.ડી. અને કલા મહાવિદ્યાલયો, તમામ.
- હુકમ ફાઇલે.
- સિલેકટ ફાઇલે.

જા.નં-મા-૪/ઉ.ના.સ. /૨૦૨૨/10899
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩,જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત
તા.૨૯/૦૭/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની બિન સરકારી ગ્રાન્ટેડ એ.ટી.ડી. અને કલા મહાવિદ્યાલયો, તમામ.
જિ.સુરત.

૨/- જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત